
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



જયંતિલાલ બળદેવપ્રસાદ રાવલ (૧૯૪૧)ફોન : ૨૩૨૪૯૬૮૭

# આઉટસોર્સિંગથી રખાયેલ કર્મચારીઓને સમયસર પગાર ચૂકવાય તેની તકેદારી રાખવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા. ૧૫

સચિવાલયના વિભાગોમાં આઉટસોર્સીંગથી નિમણુંક અપાયેલ કર્મચારીઓને દર મહિને સુનિશ્ચિત કરાયેલ સમયમર્યાદામાં જ વેતન ચૂકવાઈ જાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવા તમામ વિભાગોને તાકીદ કરવામાં આવી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી ભરતી કરવામાં નહી આવતાં સરકારી કચેરીઓણાં વિવિધ સંવર્ગોની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી છે. સચિવાલયના વિભાગોમાં ક્લાર્કોની જગ્યામાં બંધ કરી દેવામાં આવતાં કામનું ભારણ વધવા પામ્યું છે.

સરકારી કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યા બાદ સચિવાલયના વિભાગો ખાતાના વડાઓની કચેરીઓ જિલ્લા તાલુકાની કચેરીઓમાં આઉટ સોર્સીંગથી કોન્ટ્રાક્ટ કરનાર એજન્સીઓ દ્વારા આઉટ સોર્સીંગથી કર્મચારીઓ રાખવામાં આવેલા છે.

તાજેતરમાં મળેલી એક ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં સમીક્ષા દરમ્યાન એવું બહાર આવવા પામ્યું હતું કે આઉટ સોર્સીંગથી કોન્ટ્રાક્ટ કરનાર એજન્સીઓ દ્વારા કામ ઉપર રાખવામાં આવેલ કર્મચારીઓને સમયસર પગાર ચૂકવવામાં આવતા નથી.

ખાસ કરીને જે વિભાગોમાં આઉટ સોર્સિંગથી કર્મચારીઓની સેવા લેવામાં આવે છે તે વિભાગોના સચિવોને રાજ્યના મુખ્ય સચિવે જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટ દ્વારા કામ પર રાખવામાં આવતા કર્મચારીઓને સમયસર પગાર ચૂકવતા નથી.

આથી એજન્સીઓ સાથે થયેલ કરારની શરતો અન્વયે જરૂરી કાર્યવાહી કરવા સંબંધિત વિભાગોના સચિવોને સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યમાં સચિવાલય કક્ષાની કચેરીઓ ખાતાના વડાની કચેરીઓ જીલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓમાં આઉટ સોર્સીંગના ધોરણે કામ કરતા વ્યક્તિઓને દર મહિને સુનિશ્ચિત કરાયેલ સમય મર્યાદામાં જ વેતન ચૂકવવામાં આવે તેવો અમલ કરાવવા તમામ વિભાગોને તાકીદ કરવામાં આવી છે.

## શિક્ષણને લગતા બે બિલો રાજ્યપાલે પરત મોકલ્યા

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતના રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલે આજે ગત વિધાનસભાને મંજુર કરેલા શિક્ષણને લગતા બે બિલો સરકારને પરત મોકલ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાના ગત બજેટસત્રમાં રાજ્ય સરકાર દ્વારા (૧) ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર તથા (૨) વ્યાવસાયિક ટેકનીકલ સમસ્યાઓમાં ફી નિર્ધારણ અને પ્રવેશ નિયમોના બિલો ચર્ચામાં લવાયા હતા જેને ગૃહે મંજુર કરીને રાજ્યપાલને અનુમતિ માટે મોકલ્યા હતા જે રાજ્યપાલે આ બંને બીલો અંગે પુનઃવિચાર કરવાની નોંધ સાથે રાજ્ય સરકારને પરત કર્યા છે. આ બંને શિક્ષણને લગતા બીલોના સંદર્ભમાં કોંગ્રેસે વિરોધ કરીને એવી રજુઆત કરી હતી કે નવી સંસ્થા સ્થાપીને એનું ઓડીટ પ્રાઈવેટ સંસ્થા પાસે કરાવવાનું બીલમાં પ્રાવધાન છે તે યોગ્ય નથી. બીલમાં કેટલીક એવી જોગવાઈઓ છે જેનાથી યુજીસીના નિયમોનું પણ ઉલ્લંઘન થાય છે. ખાલી રહેતી બેઠકો પણ બહારના રાજ્યોના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની પણ બીલમાં જોગવાઈ કરવામાં આવી હતી.

## સમાચાર ઝલક

- ગરમીથી બચવા કાશ્મીરમાં ઊમટી પડેલા ગુજરાતીઓ : કાશ્મીરમાં પ્રતિદિન ૧૦ હજાર દેશ-વિદેશના સહેલાણીઓ આવે છે.
- જયપુરની આમ્રપાલી જવેલર્સને ઇટાલીનો પ્રખ્યાત એવોર્ડ મળ્યો.
- બજેટ સત્ર પછી પેટ્રોલમાં રૂા. ૮ નો ભાવવધારો થવાની શક્યતા.
- ફિલ્મી અભિનેત્રી માધુરી દીક્ષિત ૪૫ વર્ષના થયાં.
- વધુ વેટના ભારથી સ્ટેનલેસ સ્ટીલ ઉદ્યોગ મૃતઃપ્રાય હાલતમાં.
- નેશનલ રૂરલ હેલ્થ મિશન કૌભાંડમાં માયાવતીની ભૂમિકા પણ શંકાની નજરે : તપાસની ઉગ્ર માંગ.
- રાજ્યમાં સૌથી વધુ ગાજર પકવતો પાટણ જિલ્લો.
- એક ખાનગી ન્યૂઝ ચેનલનો ઘટસ્ફોટ : આઈ.પી.એલ.માં પણ થાય છે મેચ-ફિક્સિંગ.
- ઉનાળુ મગફળીની બજારમાં આવક થતાં સીંગતેલમાં તેજી સામે બ્રેક : ડબ્બે રૂા. ૮૦ નો ઘટાડો, હજુ વધુ ભાવ ઘટશે.
- નેનપુર નજીક રેલ્વે સ્ટેશનમાં બે બિહારી વિદ્યાર્થીઓ પર લૂંટારુંઓનો હુમલો : ટ્રેનમાંથી એક બિહારીને ધક્કો મારતાં મોત.
- અંગોલામાં ફસાયેલા ૧૨૦૦ ગુજરાતીઓ માટે સંસદ સભ્ય શ્રી હરિન પાઠકની સંસદમાં આક્રમક રજૂઆત.
- અમદાવાદ-મૈસુર ટ્રેનમાંથી બે બિહારી યુવાનોને બહાર ફેંકાયા : એકનું મોત
- વલ્લભ વિદ્યાનગરની એસ.પી. યુનિવર્સિટીની પરીક્ષામાં છબરડા : તપાસ સમિતિ રચાશે.
- નડિયાદમાં નજીવી બાબતે તલવારથી હૂમલો : બે ઘાયલ
- પોરબંદરમાં ૨૨ લાખની લૂંટ : ભારે ચકચાર
- સૌરાષ્ટ્રમાં છ માસમાં ૨૩ ચોરી કરનાર તસ્કર ગેંગ ઝડપાઈ
- પુત્ર-પુત્રીને ડોક્ટર બનાવવા વેરાવળના તબીબ વણકર બન્યા : ફરિયાદ નોંધાઈ.
- તલાલામાં કેસર કેરી તૈયાર કરતા પેક હાઉસનો પ્રારંભ.
- બાબરાની જીનીંગ ફેક્ટરીમાં ભીષણ આગમાં ૧૫૦ ગાંસડી રૂ બળીને ખાખ.
- ભુજ ડીએસપીના કારની અડફેટે સાઈકલ સવારનું મોત.
- પાટણમાં ત્રણ વર્ષનો બાળક લાપત્તા થતા દોડધામ.
- સુરતમાં એક શખ્સે સાસરીયાઓને પાઠ ભણાવવા સાળીની ૮ માસની પુત્રીનું અપહરણ કર્યું.
- ઉકાઈ ડેમમાં ઠલવાતા પાણીના સેટેલાઈટ મારફતે ડેટા મળશે.
- સુરતમાં વોચમેનને બંધક બનાવી રૂ. ૮.૬૫ લાખના પ્લાસ્ટીક દાણાની લૂંટ.

## ગુજરાત સુથાર સમાજનો રાજ્યકક્ષાનો ૧૮મો વાર્ષિક સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સુથાર સમાજનો રાજ્ય સ્તરીય ૧૮મો શૈક્ષણિક ઈનામ વિતરણ અને વાર્ષિક સંમેલન સમારંભ તાજેતરમાં સમાજના પ્રમુખશ્રી ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો.

સમારંભમાં સૌ પ્રથમ વડોદરાના દિવંગત મહારાજા રણજીતસિંહજી ગાયકવાડને મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી.

મ્યુ. કાઉન્સીલરશ્રી ચંદ્રકાંત ગજ્જર અને ઉપ પ્રમુખશ્રી ડાહ્યાભાઈ ગજ્જરે દિપ પ્રગટાવી સમારંભનો શુભ આરંભ કરાવ્યો.

દિપ પ્રાગટ્યમાં સમાજના પ્રમુખશ્રી ઠાકોર મિસ્ત્રી શ્રી દિનેશભાઈ સુથાર, શ્રીઅરવિંદભાઈ સુથાર, મંત્રીશ્રી ચંદ્રકાંત મિસ્ત્રી,દિનેશભાઈ મિસ્ત્રી, નડિયાદના ઉર્મિલાબેન સુથાર, વકીલ અતુલભાઈ મિસ્ત્રી, સુરેશભાઈ મિસ્ત્રી તથા સંજયભાઈ ગજ્જર, કૌશિકભાઈ જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભમાં ગણપતભાઈ મેવાડા, મધુસુદન મિસ્ત્રી, જગદીશભાઈ મિસ્ત્રી, વિષ્ણુભાઈ મિસ્ત્રી, આણંદ, પ્રા. બાવળેચા અમદાવાદ, કથાકાર ભાઈલાલ ભગત કુ યશસ્વી વિગેરેને સન્માનીત કરાયા.

સમારંભમાં જુ. કે.જી થી ધોરણ-૧૨ ડિપ્લોમાં સ્નાતક, અનુસ્નાતકને ૧ થી ૩ ક્રમાંકમાં તથા જુ. કે.જી.થી ધોરણ ૪ સુધી સમાજમાં આવેલ માર્કશીટના આધારે તમામને પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.



સામાન્ય નાગરિકોને નવાઈ લાગશે પરંતુ સામાન્ય જનજીવનમાં જેને આપણે "માસી" તરીકે ઓળખીએ છીએ... અને વિવિધ પ્રસંગોએ દાન-દક્ષિણા અને હરખની વધામણી લેવા આવતા કિન્નરોની પોતાની પણ લાગણીઓ અને માંગણીઓ હોય છે. અમદાવાદ પોલીસ કમિશનરશ્રીની કચેરી ખાતે કિન્નરોએ તેમની વિવિધ માંગણીઓ માટે દેખાવો કર્યા હતા.

## રાજ્યમાં કાળઝાળ ગરમીનું મોજું સુરેન્દ્રનગર ૪૧.૭

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ સહિત ગુજરાતમાં ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ગરમીથી બચવાના જુદાજુદા રસ્તાઓ અપનાવવામાં આવી રહ્યા છે. ગરમીના કારણે લોકોને જુદીજદી બિમારીઓનો સામનો પણ કરવો પડી રહ્યો છે. બપોરના ગાળામાં વધુ ગરમીના કારણે લોકો ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. રસ્તાઓ પણ સૂમસામ થઈ જાય છે. આજે અમદાવાદ સહિત રાજ્યમાં કાળઝાળ ગરમીનું મોજું ફરી વળ્યું હતું. અને બપોરે લમણા શેકી નાખતી લૂ ફુંકાઈ હતી. લોકોએ બપોરે ઘર કે ઓફિસમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. રાજ્યના દશ શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી સુરેન્દ્રનગરમાં ૪૧.૭ ડીગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે.

# મુખ્યમંત્રીશ્રીની સમયસરની દરમિયાનગીરીથી રાજ્યની ચાર સહકારી જિલ્લા બેન્કોના લાયસન્સ ચાલુ રહ્યા

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ચાર જિલ્લાની મધ્યસ્થ સહકારી બેન્કોના કૃષિ ધિરાણોના લાયસન્સો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ રદ કરવાનું ફરમાન કરેલું તેની સામે સમયસર રાજ્ય સરકારની દરમિયાનગીરી કરીને રૂા. ૮૪ કરોડ ચ્ત્ને ચૂકવીને આ ચારેય જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કોને રિઝર્વ બેન્કના લાયસન્સ રદ કરવામાંથી બચાવી લીધી છે અને તેનાથી કચ્છ, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને વડોદરા જિલ્લાના લાખો ખેડૂતોને આ ચારેય સહકારી બેન્કો પાસેથી કૃષિ ધિરાણ મળતું રહેશે.

આ સમગ્ર ઘટનાનું સવિશેષ મહત્વ એટલા માટે છે કે તાજેતરમાં રિઝર્વ બેન્કે કરેલા ફરમાન મુજબ દેશની કુલ મળીને ૪૨ સહકારી જિલ્લા મધ્યસ્થ બેન્કોના આ પ્રકારના કૃષિ ધિરાણના લાયસન્સો રદ કરી દીધાં છે જેમાં ઉત્તરપ્રદેશની ૨૪ જિલ્લા સહકારી બેન્કો, મહારાષ્ટ્રની-૬, બિહારની પાંચ અને બાકીના રાજ્યોની એક કે બે જિલ્લા સહકારી બેન્કોના લાયસન્સો રિઝર્વ બેન્કે રદ કર્યા છે, જ્યારે ગુજરાતની ચાર જિલ્લા સહકારી બેન્કોના લાયસન્સ રદ કરવાના રિઝર્વ બેન્કના ફરમાન સામે મુખ્યમંત્રીશ્રીએ સમયસર ખેડૂતોના કૃષિ ધિરાણના વ્યાપક હિતમાં પગલાં લેતાં આ ચારેય જિલ્લા સહકારી બેન્કો રિઝર્વ બેન્કના પગલાંમાંથી મૂકત રહી છે.

## વાણિજ્ય વેરા ફોર્મની માહિતી માટે સેમીનાર

અમદાવાદ, તા.૧૫

રાજ્યમાં ૧૫.૨. ૨૦૧૨થી વાણિજ્ય વેરાની ચેક પોસ્ટ ખાતે રજૂ કરવાના થતા ફર્મ ૪૦૨/૪૦૩માટે ઈન્ફોર્મ સીસ્ટમ અમલી થયેલ છે.

આ સીસ્ટમમાં સ્પેસીફાઈડ ગુડ્સ જ્યારે ગુજરાતની બહાર જાય અથવા ગુજરાતમાં આવે ત્યારે ફોર્મ-૪૦૨ અથવા ૪૦૩ ઓનલાઈન ભરવાના રહેશે. જે તા.૧લી જુન-૨૦૧૨થી બધાજ સ્પેસીફાઈડ ગુડ્સના વેપારીઓ માટે ફરજીયાત થશે. આ ફોર્મના સરળીકરણ અને અમલીકરણ તથા ઓનલાઈન ભરવાની રીતથી વાકેફ કરવા માટે ગુજરાત ચેમ્બર તથા વાણિજય વેરા કચેરી દ્વારા ૧૬મે, ૨૦૧૨ને બુધવારના રોજ બપોરે ૩.૦૦થી ૫.૦૦ સુધી ચેમ્બરના પ્રાંગણમાં એક સેમિનારનું આયોજન કરેલ છે.

## તંગદીલીનો માહોલ

● અનુસંધાન પાંચમાંનું ચાલુ

*પી.આઈ. આલ સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનોને છાપરીયામાં બંદોબસ્ત માટે તૈનાત કરી દેવાયા હતા.*

*આ માર્ગ પર આવતી ગુહાઈ સિંચાઈ વિભાગની કચેરીના કમ્પાઉન્ડ વોલને તોડી પાડવામાં આવી હતી. ત્યારબાદ માર્ગ પર આવતી પાંચ દુકાનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. દુકાનોને અગાઉથી જ ખાલી કરી દેવાની સૂચના તંત્ર દ્વારા આપી દેવામાં આવી હતી. જેથી તંત્રએ એક બાદ એક દુકાનોને જમીન દોસ્ત કરવા કાર્યવાહી કરી હતી. જ્યારે કેટલાકે જાતે મિલ્કત દૂર કરી રસ્તો ખુલ્લો કરવાનું શરૂ કરતા પાલિકાએ તેમને સમય આપ્યો હતો.*


*છાપરીયા વિસ્તારમાં ચોરા પાસે દુકાનો તોડી પાડવાની કાર્યવાહી ચાલી રહી હતી. આ દુકાનોની પાછળના ભાગે ધાર્મિક સ્થળ આવેલું છે. જેથી દુકાનો તોડતી વખતે ધાર્મિક સ્થાનને નુકસાન થવાની દહેશત આ વિસ્તારના લોકોમાં પ્રવર્તી હતી. જેથી ૧૦૦ થી વધુ સ્ત્રી-પુરૂષોનું ટોળું અચાનક ધસી આવ્યું હતું અને વહીવટી તંત્ર સામે ઉગ્ર રજુઆત કરી હતી કે ધાર્મિક સ્થળને નુકસાન થવું જોઈએ નહી. અચાનક રોષે ભરાયેલા ટોળુ આવી ચઢતા વાતાવરણ ઉગ્ર બની ગયું હતું. અને પોલીસ સતર્ક બની ગઈ હતી. વહીવટી અને પાલિકાના અધિકારીઓએ ટોળાની રજૂઆત સંદર્ભે ખાતરી આપી હતી કે ધાર્મિક સ્થળને કોઈપણ પ્રકારનું નુકશાન થશે નહી. ટોળા પૈકીના કેટલાક આગેવાનોએ જાતે માર્કિંગ પ્રમાણે મિલકત દૂર કરવાની રજૂઆત પણ કરી હતી. જેને તંત્રના અધિકારીઓએ માન્ય રાખી હતી અને અઠવાડિયાનો સમય આપ્યો હતો.*

## કંપની સમાચાર

### સ્પેશ્યાલીટી રેસ્ટોરન્ટસ લિમિટેડ-બીડ/ઇશ્યુ ૧૬ મે, ૨૦૧૨ના રોજ ખૂલશે

કંપની), ભારતની અગ્રણી ફાઈન ડાઈનીંગ ઓપરેટર, ૧૬ મે, ૨૦૧૨ના રોજ તેના ઈક્વિટી શેરોના ઈનિશિયલ પબ્લીક ઓફરીંગ (ઈશ્યૂ) સાથે મૂડી બજારમાં પ્રવેશી રહી છે. કંપની રૂ. ૧૦ના એક એવા ૧૧,૭૩,૪૧૫ ઈક્વિટી શેરોના જાહેર ભરણુ પ્રિમિયમમાં કાઢી રહી છે. કંપનીએ તેના જાહેર ભરણા માટે શેર દીઠ રૂ. ૧૪૬ થી રૂ. ૧૫૫નો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો છે. ઈશ્યૂ કંપનીની ભરણા બાદની પેઈડ-અપ મુડીનો ૨૫ ટકા હિસ્સો દર્શાવે છે. જાહેર ભરણામાં ઓછામાં ઓછા ૪૦ ઈક્વિટી શેરોની અરજી કરવાની રહેશે અને ત્યાર બાદ ૪૦ ઈક્વિટી શેરોના ગુણાંકમાં કરવાની રહેશે. બીડ/ઈશ્યૂ ૧૮ મે, ૨૦૧૨ના રોજ બંધ થશે. એન્કર રોકાણકાર દ્વારા જાહેર ભરણામાં રોકાણ કરાય તેવું કંપની અંદાજી રહી છે. એન્કર ઈન્વેસ્ટર બીડ/ઈશ્યૂનો ગાળો બીડ/ઈશ્યૂ ખૂલવાની તારીખના એક દિવસ પૂર્વે રહેશે.

## શબ્દાવલી - ૪૭૩૧



| આડી ચાવી | | | ઊભી ચાવી | | |
|---|---|---|---|---|---|
| ૧. | સ્વાભિમાન | (૪) | ૧. | હિંમત | (૩) |
| ૪. | અવાજ રહિત | (૩) | ૨. | રક્ત, લોહી | (૩) |
| ૬. | ફિટકાર | (૪) | ૩. | પ્રણાલી, રસમ | (૨) |
| ૮. | જરાક, થોડુંક | (૩) | ૪. | નીણ, ચારો | (૩) |
| ૧૦. | પરંતુ | (૨) | ૫. | લોકો રહેતા હોય તેવી જગ્યાને.... કહેવાય | (૪) |
| ૧૧. | કમળો, પાંડવાનો પિતા | (૨) | ૭. | કાંચળી, આણુ | (૩) |
| ૧૨. | પ્રીત, સ્નેહ | (૨) | ૯. | ભીડ | (૩) |
| ૧૩. | મદારી | (૨) | ૧૧. | દ્રૌપદી, પાંચાલ દેશની કુંવરી | (૩) |
| ૧૪. | ધરતી | (૨) | ૧૨. | કનડગત, પજવણી | (૫) |
| ૧૫. | સુગ્રીવનો ભાઈ | (૨) | ૧૩. | રામાયણના રચયિતા ઋષિ | (૪) |
| ૧૬. | તેજ, ભપકો | (૩) | ૧૪. | અમાનત, થાપણ | (૪) |
| ૧૮. | સમાચાર, એંધાણ | (૩) | ૧૫. | વાંદરો, મંકી | (૩) |
| ૧૯. | ખૂની, હત્યારો | (૩) | ૧૭. | કમર | (૨) |
| ૨૦. | દેવની મૂર્તિ સમક્ષ દીવાની.... ઉતારાય | (૩) | | | |

### શબ્દાવલી ૪૭૩૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાછીયો (૩) પરગણુ (૪) જન્નત (૫) જીવન (૬) નરક (૯) વેરવિખેર (૧૧) અફલાતૂન (૧૨) ઉગ્ર (૧૩) પોતા (૧૪) છીછરૂં (૧૬) ધિરાણ (૧૭) જવકાનિ

**ઊભી ચાવી :-** (૧) કાળીજીરી (૨) યોજન (૩) પત (૬) નવિન (૭) રખે (૮) કરદાતા (૯) વેલા (૧૦) રતુ (૧૧) અગ્ર (૧૨) ઉદધિ (૧૩) પોતીકા (૧૪) છીણ (૧૫) રૂજ

## છ કરોડના માર્ગો મંજૂર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામને પણ અગ્રતાના ધોરણે હાથ પર લેવામાં આવી રહ્યું છે.

મળતી વિગતો મુજબ ગિફટી સિટીમાં હાલ ચાલી રહેલી કામગીરીનું સઘન મોનીટરીંગ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. રોજે રોજ થયેલી પ્રગતિથી સરકાર સંતુષ્ટ છે અને આગામી દિવસોમાં આ પ્રોજેક્ટ અમલી બનાવવાના ભરપૂર પ્રયાસો થઈ રહ્યા છે.

જાન્યુઆરીમાં મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમીટ-૧૩માં ગિફટ સિટી રોકાણકારોનું આગવુ આકર્ષણ બની રહે તે દિશામાં ભરપૂર પ્રયાસો ચાલી રહ્યાછે. ગિફટ સિટીના ચેરમેને આ સંદર્ભે જ રાજ્ય સરકારને એક પત્ર લખી કોર્પોરેટ સેકટરોની કંપનીઓ માટે ટ્રેડ સેન્ટર બનાવવા ફાળવેલી જમીન પણ પરત લેવા રજુઆત કરી તેમને ગિફટ સીટીમાં જગ્યા ફાળવવાની તૈયારી બતાવી છે.

રાજ્ય સરકારે આજે ગિફટ સિટી માટે બ્રિજ બનાવવાના તેમજ હયાત રસ્તાઓના અપગ્રેડેશન માટેના કામો માટે ફાળવેલ જંગી રકમની જોગવાઈને ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર તથા તાલુકા પ્રમુખ શૈલેષ પટેલે આવકાર આપતાં જણાવ્યું છે કે આના કારણે ગાંધીનગરનો વિકાસ નવો વેગ પકડશે.

## ટીમ તૈનાત રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને કચેરીઓના મકાનો જર્જરિત છે ત્યાં ચેતવણી સૂચક બોર્ડ લગાવવા માટે પણ તાકીદ કરી છે. તેમણે આ બેઠકમાં વનવિભાગને જે વૃક્ષો પડી જાય તેવા છે તેને પણ દૂર કરવાની કાર્યવાહી કરવા જણાવ્યું છે.

વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે કાંસની સફાઈ કરવા તેમજ શહેરી વિસ્તારોમાં ગટર લાઈનો અને વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈનો પણ સાફ કરવા માટે કડક તાકીદ કરી હતી. આ કામગીરી ઝડપથી શરૂ કરવા જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ આ બેઠકમાં ગાંધીનગર શહેરના લાયઝન ઓફિસર તરીકે મ્યુનિ.કમિશનરશ્રીને, ગાંધીનગર ગ્રામ્યના લાયઝન ઓફિસર તરીકે ગાંધીનગરના પ્રાંત અધિકારી અને કલોલના લાયઝન અધિકારી તરીકે કલોલ પ્રાંત અધિકારી અને માણસા માટે જમીન સુધારણાના નાયબ કલેકટરશ્રી યાદવને નિયુકત કર્યા છે.

આરોગ્ય વિષયક સેવાઓના સઘન મોનીટરીંગ માટે પણ ચાર લાયઝન અધિકારીઓની નિયુકિત કરવામાં આવી છે.

ખાસ કરીને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અસરકારક બનાવવા તેમજ આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર તેમણે વિશેષ ભાર મૂકયો હતો. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પાણી પુરવઠો દૂષિત ના થાય તે જોવા લીકેજીસ તાત્કાલિક શોધી તેને દુરસ્ત કરવા માટે પણ વિશેષ સૂચનાઓ આપી હતી. જિલ્લા કલેકટરશ્રીએ જિલ્લામાં સા.આ. કેન્દ્રોમાં દવાનો જથ્થો તેમજ પાણીના કલોરીનેશન પર નિયમિત નજર રાખવા જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ વિભાગોએ રજુ કરેલી વિગતોની ચકાસણી કરવા માટે પણ કડક તાકીદ કરતાં જણાવ્યું હતું કે આ સંદર્ભે ૧૦ ટકા જેટલી બાબતોનું ક્રોસ ચેકિંગ કરવામાં આવશે.

નદી કિનારાના ગામોમાં અનાજનો પુરવઠો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ બની રહે તે જોવા પણ પુરવઠા વિભાગને જણાવ્યું હતું. ખાસ કરીને જે ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની ઘટનાઓ બને છે તે ગામોની ભૌગોલિક સ્થિતિનો અભ્યાસ કરી ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પર પણ તેમણે ભાર મુકયો હતો.

## મહિલા અધિકારીઓનો દબદબો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ મહિલા છે. તેવી જ રીતે મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં પણ હાલ કાર્યરત છે. ત્યારે છેલ્લા ૩ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પણ પોલીસ બેડામાં ઉચ્ચ મહિલા અધિકારીઓનો દબદબો રહ્યો છે. અંદાજે ૨ વર્ષ પહેલા જિલ્લાના ડીવાયએસપી પદે ગગનદીપ ગંભીર પોતાની સેવા આપી ચુક્યા છે. બાદમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં એ.સી.પી. તરીકે ફરજ બજાવતા ઉષા રાડાની બદલી થતા તેઓ ગાંધીનગર જિલ્લામાં મુકાયા હતા. અને તેઓ હાલ જિલ્લામાં ફરજ બજાવી રહ્યા છે. આજ અરસામાં ડાયરેક્ટ આઈ.પી.એસ. અધિકારી શોભા ભૂતડાની ગાંધીનગર જિલ્લા પોલીસમાં એ.એસ.પી. તરીકે ત્રીજી મહિલાની એન્ટ્રી થઈ પરંતુ થોડા સમય બાદ તેમની બદલી થતા જિલ્લામાં માત્ર બે જ મહિલા ઉચ્ચ અધિકારી ઉષા રાડા અને જિલ્લા પોલીસ વડા અર્ચના શિવહરે ફરજ બજાવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ચાર મહિલા અધિકારીઓમાંથી બે મહિલાની બદલી થતા ખાલી પડેલી બે ડી.વાય.એસ.પી.ની જગ્યા માટે ફરી બે મહિલા ડીવાયએસપી નિમણુંક થતા જિલ્લામાં ૩ મહિલા ડીવાયએસપી ઉષા રાડા, જ્યોતિ પટેલ અને કોમલબેન દવેનો સમાવેશ થયો છે.

## રોકડમાં ચૂકવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતી ઉજવણીના અવસરે કર્મયોગી કલ્યાણ અંગે લીધેલા નિર્ણયને પરિણામે વર્ષ ૨૦૧૦-૧૧માં ચૂકવવાપાત્ર બીજા હપ્તાની રકમ તથા ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં તેમના શાસનના ગતિશીલ દસ વર્ષ પૂર્ણ થવાને અવસરે કર્મયોગીઓને ત્રીજા હપ્તાની રકમ પણ રોકડમાં ચૂકવવાનો સ્તુત્ય નિર્ણય કર્યો હતો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્મયોગી કલ્યાણ અભિગમ અપનાવીને હવે વર્ષ-૨૦૧૨-૧૩માં ચૂકવવાપાત્ર થતી ચોથા હપ્તાની ૨૦ ટકા રકમ પણ રોકડમાં ચૂકવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સેવાના ૪.૬૭ લાખ કર્મયોગીઓ અને ૩.૫૩ પેન્શનર્સ મળી કુલ ૮.૨૦ વર્તમાન અને નિવૃત્ત કર્મયોગીઓને આ મહત્વાકાંક્ષી નિર્ણયનો લાભ મળશે. રાજ્ય સરકાર સમગ્રતયા અંદાજે રૂા. ૧૩૭૬.૭૭ કરોડના લાભ કર્મયોગીઓને આ નિર્ણયથી રોકડમાં આપશે.